PHDKU18

Subject Code : **14-Gujarati**

*તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.*
*Do not open the Question Booklet until ask to do so.*

Krantiguru Shyamji Krishna Verma Kachchh University
Bhuj-Kachchh
370001

**A**

Booklet Sr. No.
**1770085**
A

ઉમેદવારનું નામ :
Candidates Name :

ઉમેદવારનો સીટ નંબર | ઉમેદવારની સહી | ખંડ નિરીક્ષકની સહી

સમય : 60 મિનિટ | કુલ પ્રશ્નો : 50 | કુલ ગુણ : 100

## ઉમેદવારોને સૂચના

(1) આ પ્રશ્નપુસ્તિકામાં પ્રશ્ન ક્રમાંક 1-50 સુધી કુલ **50** પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **(1)**, **(2)**, **(3)** અને **(4)** પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે જ ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. તમારે આ સાથે **અલગ આપેલ ઉત્તરવહી (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.**

**ઉદાહરણ તરીકે :**

ભારતનું કયું રાજ્ય સૌથી લાંબો દરિયા-કિનારો ધરાવે છે ?

(1) મહારાષ્ટ્ર (2) તામિલનાડુ
(3) ગુજરાત (4) આંધ્રપ્રદેશ

**જવાબવહી (Answer Sheet)માં**

① ② ● ④

ઉપર્યુક્ત ઉદાહરણમાં સાચો જવાબ **'3'** છે. આથી **'3'**નું વર્તુળ કાળું **(encode)** કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં "ગુજરાત" લખવું નહીં.

(2) પ્રત્યેક પ્રશ્નના સાચા જવાબ માટે **(2)બે** ગુણ છે.

(3) આ પ્રશ્નપુસ્તિકામાં તમારે કશું જ લખવાનું નથી.

(4) **સમય પૂર્ણ થયે પ્રશ્નપુસ્તિકા અને OMR ઉત્તરપત્ર સુપરવાઈઝરને પરત સોંપી દેવું.**

(5) કસોટીની સમય મર્યાદા **60** મિનિટ છે.

(6) ઉમેદવારે **વાદળી / કાળી બોલપોઈન્ટ** પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી, પેન કે પેન્સિલનો ઉપયોગ કરી શકાશે નહીં.

## Instructions to Candidates

(1) In this Test Booklet, there are Ques. No. **1-50,** total **50** questions. The answer of each is any one out of **(1)**, **(2)**, **(3)** and **(4)**. Four alternatives are given with the question. You have to answer all the questions. You have to answer on the **OMR Sheet** given separately to you.

***For example :***

Which state of India has the longest sea coast ?

(1) Maharashtra (2) Tamilnadu
(3) Gujarat (4) Andra Pradesh

***In answer sheet :***

① ② ● ④

In the above example, the true answer is '**3**'. Hence, the circle of '**3**' is blackened (encoded) candidates should not write 'Gujarat' in the answer.

(2) Each correct answer carries **(2)Two** marks.

(3) Do not write anything in this question paper.

(4) **Hand over Test Booklet and OMR Answer sheet to supervisor, after examination is over.**

(5) Time limit for this test is **60 minutes**.

(6) Use **blue/black ball point pen** for filling responses in Answer Sheet. Any other ink, pen or Pencil is strictly prohibited.

*પરીક્ષા પૂરી થયા બાદ પ્રશ્નપુસ્તિકા તથા OMR ઉત્તરવહી વર્ગ નિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.*

1 'દુનિયા અમારી' કાવ્યમાં કવિ કઈ ઈન્દ્રિયની વાત નથી કરતા ?

(1) કાન (2) નાક

(3) આંખ (4) જીભ

2 'ગ્રામલક્ષ્મી' નવલકથાના સર્જક કોણ છે ?

(1) ર.વ. દેસાઈ (2) ઈશ્વર પેટલીકર

(3) પન્નાલાલ પટેલ (4) રાવજી પટેલ

3 પ્રહલાદ પારેખના પ્રથમ કાવ્યસંગ્રહનું નામ શું છે ?

(1) છ અક્ષરનું નામ (2) કદાચ

(3) સકલ કવિતા (4) બારી બહાર

4 'કૂચી આપો બાઈજી !' કાવ્યમાં 'બાઈજી' સંબોધન કોના માટે છે ?

(1) નણંદ (2) સાસુ

(3) બહેન (4) ભાભી

5 નીચેનામાંથી કયો ઉપપદ સમાસ નથી ?

(1) અતીથિ (2) પંકજ

(3) ગૃહસ્થ (4) નર્મદા

6 'લાંબા જોડે ટૂંકો જાય મરે નહિ તો માંદો થાય' પંક્તિનો છંદ જણાવો.

(1) શિખરીણી (2) ચોપાઈ

(3) હરિગીત (4) દોહરો

7 'કસુંબીનો રંગ' કાવ્યમાં કવિશ્રી મેઘાણી ભક્તોના તંબૂરમાં કઈ ભાવના ઘૂંટાતી જુએ છે ?

(1) પ્રેમ ભાવના (2) શૌર્ય ભાવના

(3) ભક્તિ ભાવના (4) એકપણ નહિ

8 પ્રેમાનંદનું 'નળાખ્યાન' કેટલા કડવાનું છે ?

(1) ૬૫ (2) ૮૦

(3) ૭૦ (4) ૫૫

9 ઉમાશંકર જોશીનો જન્મ કઈ સાલમાં થયો ?

(1) ૧૮૧૧ (2) ૧૯૫૦

(3) ૧૯૧૧ (4) ૧૯૨૮

10 ધીરા ભગતના પદો કઈ રીતે જાણીતા છે ?

(1) ભજન (2) મુક્તક

(3) ગરબી (4) કાફી

11 મ સ જ સ ત ત ગા કયા છંદનું બંધારણ છે ?
(1) મંદાક્રાન્તા (2) અનુષ્ટુપ
(3) શિખરીણી (4) શાર્દુલવિક્રીડીત

12 નર્મદનો 'ડાંડિયો' શું છે ?
(1) માસિક (2) પાક્ષિક
(3) દૈનિક (4) અઠવાડિક

13 'લાલ, પીળો ને વાદળી, એ મૂળ રંગ કહેવાય' પંક્તિનો છંદ ઓળખો ?
(1) સવૈયા (2) દોહરો
(3) હરિગીત (4) ચોપાઈ

14 'પાણીની દિવાલ' કૃતિનો સાહિત્ય પ્રકાર કયો છે ?
(1) નવલકથા અંશ (2) નવલિકા
(3) એકાંકી (4) લઘુકથા

15 'બુદ્ધિ ધનનો કારભાર' એ સરસ્વતીચંદ્ર નવલકથાનો કયો ભાગ છે ?
(1) ત્રીજો (2) બીજો
(3) પહેલો (4) ચોથો

16 'ધૂમકેતુ' કોનું ઉપનામ છે ?
(1) મોહમ્મદ માંકડ (2) ઉમાશંકર જોશી
(3) ન્હાનાલાલ (4) ગૌરીશંકર જોશી

17 નીચેનામાંથી કયો સમાસ ખોટો છે ?
(1) જકાતનાકું - મધ્યમપદલોપી (2) શરદપૂનમ - બહુવ્રીહી
(3) હોમહવન - દ્વંદ્વ (4) નર્મદા - ઉપપદ

18 ડોલન શૈલીમાં રચાયેલું પદ્યનાટક કયું છે ?
(1) જયાજયંત (2) પ્રાચીના
(3) મહાપ્રસ્થાન (4) કર્ણકૃષ્ણ

19 સાર્થજોડણી કોશ કોણે પ્રકાશિત કર્યો છે ?
(1) ગુજરાત સાહિત્ય અકાદમી (2) ગુજરાતી સાહિત્ય પરિષદ
(3) ગુજરાત વિદ્યાપીઠ (4) ગૂર્જર સાહિત્ય

20 'સ્વર્ગસ્થ પિતાજી સોક્રેટીસ જેવા સહનશીલ હતા' - કયો અલંકાર છે ?
(1) અનન્વય (2) ઉપમા
(3) ઉત્પ્રેક્ષા (4) રૂપક

21 ભારતીય વિદ્યાભવનના સ્થાપક કોણ હતા ?

(1) આનંદશંકર ધ્રુવ (2) ક.મા. મુનશી

(3) નવલરામ (4) રણજિતરામ મહેતા

22 'ગદ્યપર્વ' સામયિક કયા સ્વરૂપ સાથે જોડાયેલું છે ?

(1) વાર્તા (2) કવિતા

(3) હાઈકુ (4) એકેય નહિ

23 નાનાભાઈ ભટ્ટની આત્મકથાનું નામ જણાવો.

(1) સીધાં ચઢાણ (2) જીવનનું પરોઢ

(3) ઘડતર અને ચણતર (4) આથમતે અજવાળે

24 'ચકમક' કૃતિનો સા. પ્રકાર જણાવો.

(1) બાળવાર્તા (2) નાટક

(3) બાળકાવ્ય (4) એકેય નહિ

25 ક.લા. સ્વાધ્યાય મંદિરનું સ્થાપના વર્ષ કયું છે ?

(1) ૧૯૯૯ (2) ૧૯૮૪

(3) ૧૯૮૨ (4) ૧૯૮૧

26 'વીતરાગ સ્તુતિ' ગ્રંથના કર્તા કોણ છે ?

(1) વિજય ભદ્ર (2) માણિક્ય સુંદર સૂરિ

(3) હેમચંદ્રાચાર્ય (4) શાલિભદ્ર સૂરિ

27 'અખંડ એક આતમા રે, બીજું બાકી સરવે ધૂળ' કાવ્ય પંક્તિની રચના કયા કવિની છે ?

(1) બાપુ સાહેબ (2) ભોજો

(3) રતનબાઈ (4) જીવણ દાસ

28 'ઊભા રહો તો કહું વાતડી બિહારી લાલ' કાવ્ય પંક્તિના રચયિતા કોણ છે ?

(1) મીરા (2) કૃષ્ણજી

(3) નરહરિ (4) દયારામ

29 'નરસિંહનો અદ્વૈતવિચાર 'અખિલ બ્રહ્માંડ.......'થી શરૂ થઈ 'જાગીને જોઉં તો...' સુધીમાં પૂર્ણપણે સુરેખ વિકસ્યો છે' - નરસિંહ માટે આવું વિધાન કોણે કર્યું છે ?

(1) ક.મા. મુનશી (2) ઉમાશંકર જોષી

(3) બ.ક. ઠાકોર (4) હરિવલ્લભ ભાયાણી

30 ભીમડાનું પાત્ર કયા નાટકનું છે ?

(1) ગુલાબ (2) લલિતા દુઃખદર્શક

(3) મિથ્યાભિમાન (4) લક્ષ્મી

31 નર્મદનું તખલ્લુસ જણાવો :

(1) પ્રેમભક્તિ (2) પ્રેમશૌર્ય

(3) લલિત (4) આર્યપુત્ર

32 'મિથ્યાભિમાનખંડન' કયા કવિની રચના છે ?

(1) દલપતરામ (2) નવલરામ

(3) હીરાચંદ કાનજી (4) ભોળાનાથ સારાભાઈ

33 હરજી લવજી દામાણીનું ઉપનામ જણાવો :

(1) શયદા (2) જટિલ

(3) ગાફિલ (4) મિસ્કિન

34 'ધ ડોલ્સ હાઉસ'નો 'ઢીંગલીઘર' નામે અનુવાદ કોણે કર્યો છે ?

(1) હસમુખ દવે (2) નગીનદાસ પારેખ

(3) શિરીષ પંચાલ (4) સુમન શાહ

35 કયું વિગત જૂથ કાલાનુક્રમમાં યોગ્ય છે ?

(1) ગંગોત્રી, પ્રાચીના, નિશીથ, આતિથ્ય

(2) પ્રાચીના, ગંગોત્રી, આતિથ્ય, નિશીથ

(3) પ્રાચીના, આતિથ્ય, ગંગોત્રી, નિશીથ

(4) ગંગોત્રી, નિશીથ, પ્રાચીના, આતિથ્ય

36 કનૈયાલાલ મુનશીએ 'ગુજરાતની રાષ્ટ્રીય અસ્મિતાના અવતાર' કોને ગણાવ્યા છે ?

(1) રણજિતરામ મહેતા (2) ઉમાશંકર જોષી

(3) ઝવેરચંદ મેઘાણી (4) બોટાદકર

37 વિજયરાજ વૈદ્યે 'કવિ અને સત્યશોધક' શબ્દો કોના માટે પ્રયોજ્યા છે ?

(1) મણિલાલ (2) બાલાશંકર

(3) કાન્ત (4) કલાપી

38 'વહાલ અને વિનોદ' નિબંધસંગ્રહના કર્તા કોણ છે ?

(1) મણિલાલ હ. પટેલ (2) સુરેશ જોષી

(3) ચંદ્રકાન્ત શેઠ (4) ઉમાશંકર જોષી

39 'રણજિતરામ સુવર્ણચંદ્રક' કઈ સંસ્થા દ્વારા આપવામાં આવે છે ?

(1) ગુજરાત સાહિત્યસભા (2) ગુજરાત સાહિત્ય અકાદમી

(3) ગુજરાતી સાહિત્ય પરિષદ (4) ગુજરાત વિદ્યાસભા

40 ર.વ. દેસાઈની કઈ નવલકથામાં ૧૮૫૭ના સંગ્રામનું ચિત્ર ઉપસે છે ?

(1) ભારેલો અગ્નિ (2) બાલા જોગણ

(3) જયંત (4) પૂર્ણિમા

41 ઈન્દ્રવજ્રા અને ઉપેન્દ્રવજ્રાના મિશ્ર ચરણવાળા છંદને શું કહે છે ?

(1) માલિની (2) વનવેલી

(3) ઉપજાતિ (4) તોટક

42 વંશસ્થ છંદનું બંધારણ જણાવો :

(1) જ ત જ ગા ગા (2) ત ત જ ગા ગા

(3) ન ન મ ય ય (4) જ ત જ ર

43 કયો વ્યંજન ઉષ્માક્ષર છે ?

(1) ઠ (2) ષ

(3) ર (4) ણ

44 મફત ઓઝાએ શરૂ કરેલા સાહિત્યિક સામયિકનું નામ આપો :

(1) શબ્દસર (2) વિ

(3) ધબક (4) તાદર્થ્ય

45 ઈ.સ. ૧૯૨૮માં સૌ પ્રથમ કયા સાહિત્યકારને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો ?

(1) યશવંત શુક્લ (2) ગુણવંતરાય આચાર્ય

(3) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (4) ઝવેરચંદ મેઘાણી

46 ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૮મું અધિવેશન કયા સ્થળે યોજાયું ?

(1) માંડવી (2) ભુજ

(3) વડોદરા (4) સૂરત

47 નીચેનામાંથી કયો વર્ણ અલ્પપ્રાણ અને અઘોષ બંને છે ?

(1) ઢ (2) પ

(3) ચ (4) ખ

48 વામનને મતે રીતિના કેટલા પ્રકાર છે ?

(1) ચાર (2) છ

(3) પાંચ (4) ત્રણ

49 નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ?

(1) પ્રિમિયમ (2) પ્રિમીયમ

(3) પ્રીમીયમ (4) પ્રીમિયમ

50 'ગોળ કેરી ભીતલડી' સંગ્રહના કર્તા કોણ છે ?

(1) હંસા મહેતા (2) ધીરુબહેન પટેલ

(3) વર્ષા અડાલજા (4) સરોજ પાઠક

Shyamji Krishna Verma Kachchh University
Bhuj-Kachchh
370001

રફ કામ માટેની જગ્યા

રફ કામ માટેની જગ્યા